જા.નં.મા-૨/૨૦૨૬/ 12855-57

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઇન્સ, સુરત.
તા.27/૦૯/૨૦૨૬.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, અને ખાનગી
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ-સુરત

**વિષય: "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત તા.૨૫/૦૯/૨૦૨૬ના રોજ અત્રેના જિલ્લાની તમામ શાળામાં અને શાળાની આસપાસના વિસ્તારોમાં સક્રિયપણે શ્રમદાન આપીને સ્વચ્છતા અભિયાનમાં જોડાવા બાબત.**

**સંદર્ભ:** ૧. શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક : ED/MSM/e-file/3/2026/5869/V/2 તા.૧૬/૦૯/૨૦૨૬.
૨.સામાન્ય વહીવટ વિભાગના પત્ર ક્રમાંક : GAD/MSM/e-file/1/2026/5209/ Co-ordination, તા.14/09/2026.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકાર દ્વારા " સેવા સંકલ્પ અભિયાન" ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે અંતર્ગત સદર અભિયાનને સફળ બનાવવા માટે તમામ શાળામાં અને શાળાની આસપાસના વિસ્તારોમાં ટ્રસ્ટીશ્રી, આચાર્યશ્રી, શિક્ષકો, વહીવટી સ્ટાફ, વિદ્યાર્થીઓ, વાલીશ્રીઓએ સંયુક્તરીતે જોડાયને સ્વચ્છતા અને પર્યાવરણ જતનની ઉત્કૃષ્ટ કામગીરી કરવી તેમજ આ અભિયાનને સફળ બનાવવા માટે તમામ શાળાઓ દ્વારા નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

- તમામ શાળાઓ દ્વારા સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ સમયપત્રક મુજબ આ કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.
- નિર્ધારિત દિવસે તમામ શાળાઓ કાર્યક્રમનું ઉત્સાહભેર આયોજન કરવાનું રહેશે.
- દરેક શાળાઓએ આ માસિક ઝુંબેશ માટે વિસ્તૃત Micro-planning કરી તા.**૨૫/૦૯/૨૦૨૬ના** રોજ ટ્રસ્ટીશ્રી, આચાર્યશ્રી, શિક્ષકો, વહીવટી સ્ટાફ, વિદ્યાર્થીઓ, વાલીશ્રીઓએ સંયુક્તરીતે જોડાયને સ્વચ્છતા સેવામાં સક્રિય યોગદાન આપવાનું રહેશે.

- શિક્ષકો/કર્મચારીઓના યોગ્ય જૂથ બનાવી શાળાઓમાં આંતરિક પરિસર, પ્રાંગણ, રમતગમતના મેદાન, જાહેર સ્થળો કે આસપાસના સામાજિક વિસ્તારોની પસંદગી કરી સર્વગ્રાહી સફાઈ કાર્યનું આયોજન કરવાનું રહેશે.
- સ્વચ્છતા અભિયાનના સ્થળે જો પર્યાપ્ત પાણી તથા યોગ્ય જાળવણીની વ્યવસ્થા ઉપલબ્ધ હોય, તો સફાઈ અભિયાનની સાથે વૃક્ષારોપણની પ્રવૃત્તિને પ્રાધાન્ય આપવું અને રોપેલા વૃક્ષોની યોગ્ય જાળવણી થાય તેવી વ્યવસ્થા કરવી.
- આ અભિયાન માટે સ્થાનિક કક્ષાએ જિલ્લા કલેક્ટરશ્રી / મ્યુનિસિપલ કમિશનરશ્રી / જિલ્લા વિકાસ અધિકારીશ્રીનો સંપર્ક કરી જરૂરિયાત મુજબની માહિતી, માર્ગદર્શન અને સંકલન મેળવી લેવાનું રહેશે.
- જનજાગૃતિ વધારવાના આશયથી આ કાર્યક્રમ સંબંધિત ઉચ્ચ ગુણવત્તાવાળા ફોટોગ્રાફ્સ અને વિડિયો સંબંધિત કચેરી/સંસ્થાના અધિકૃત સોશિયલ મીડિયા હેન્ડલ્સ તેમજ શાળાના શિક્ષકો/અધિકારી/કર્મચારીઓના વ્યક્તિગત સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર યોગ્ય હેશટેગ સાથે શેર કરવાના રહેશે.

સદર કાર્યક્રમ અન્વયેનો થયેલ કામગીરીનો અહેવાલ નિયત નમૂનામાં (પરિશિષ્ટ-૨) તૈયાર કરી અત્રેની કચેરીની ઈમેઈલ આઈડી deosurat5@gmail.com પર ત્વરિત મોકલી આપવાનો રહેશે, જેથી સંકલિત અહેવાલ સરકારશ્રીમાં રજૂ કરી શકાય.

સદર ઠરાવની માર્ગદર્શિકાનો આપની શાળામાં ચૂસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શાસનાધિકારી | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી | જિલ્લા શિક્ષણાધિકારી |
| નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત | સુરત, જિ.સુરત. | સુરત, જિ.સુરત |

<u>બિડાણ :</u> ઉપર મુજબ

<u>નકલ રવાના :</u>

૧. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ

૨. નિરિક્ષકશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તમામ

3. બી.આર.સી./યુ.આર.સી./સી.આર.સી. તમામ

તા.૧૭/૦૯/૨૦૨૬ થી તા. ૧૭/૧૦/૨૦૨૬ દરમિયાન રાજ્યવ્યાપી "સેવા સંકલ્પ અભિયાન" ના આયોજન અને અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
ક્રમાંક : ED/MSM/e file/3/2026/5869/V-2
તારીખ :- ૧૬/૦૯/૨૦૨૬

**પ્રસ્તાવના:**

વંચાણે લીધેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૪/૦૯/૨૦૨૬ ના પરિપત્ર ક્રમાંક: GAD/MSM/e-file/1/2026/5209/Co-ordination અન્વયે રાજ્ય સરકાર દ્વારા તારીખ ૧૭ સપ્ટેમ્બર થી ૧૭ ઓકટોબર, ૨૦૨૬ સુધી વિશેષ "સેવા સંકલ્પ અભિયાન" ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સમયગાળા દરમિયાન શિક્ષણ વિભાગ તથા વિભાગ હસ્તકની તમામ ખાતાના વડાની કચેરીઓ અને તાબાની સંસ્થાઓના અધિકારીઓ તેમજ કર્મચારીઓ સક્રિયપણે શ્રમદાન આપીને સ્વચ્છતા અને પર્યાવરણ જતનની ઉત્કૃષ્ટ કામગીરી કરે તે જરૂરી છે.

**પરિપત્ર :**

આ અભિયાનને શિક્ષણ વિભાગ હેઠળ સફળ બનાવવા માટે તમામ ખાતાના વડાની કચેરીઓ, તાબાની સંસ્થાઓ, શાળાઓ/કોલેજો તેમજ જિલ્લા કક્ષાની કચેરીઓ દ્વારા નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે:

(૧) શિક્ષણ વિભાગ હસ્તકની તમામ કચેરીઓ/સંસ્થાઓ દ્વારા સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ સમયપત્રક મુજબ આ કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.

(૨) નિર્ધારિત દિવસે શિક્ષણ વિભાગ સચિવાલય તેમજ વિભાગ હસ્તકના ખાતાના વડાની કચેરીઓ (જેમ કે પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરીઓ, તાંત્રિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી વગેરે) અને તમામ જિલ્લા કક્ષાની કચેરીઓ/સંસ્થાઓ ખાતે આ કાર્યક્રમનું ઉત્સાહભેર આયોજન કરવાનું રહેશે.

(૩) દરેક કચેરીએ આ માસિક ઝુંબેશ માટે વિસ્તૃત Micro-planning તૈયાર કરીને અત્રેના વિભાગને ત્વરિત મોકલી આપવાનું રહેશે. નિર્ધારિત દિવસે સંબંધિત કચેરીના તમામ અધિકારીઓ તેમજ કર્મચારીઓએ ઉપસ્થિત રહી સ્વચ્છતા સેવામાં સક્રિય યોગદાન આપવાનું રહેશે.

(૪) અધિકારી/કર્મચારીઓના યોગ્ય જૂથ બનાવી કચેરી/શાળા/કોલેજના આંતરિક પરિસર, પ્રાંગણ, રમત-ગમતના મેદાન, જાહેર સ્થળો કે આસપાસના સામાજિક વિસ્તારોની પસંદગી કરી સર્વગ્રાહી સફાઈ કાર્યનું આયોજન કરવાનું રહેશે.

(૫) સ્વચ્છતા અભિયાનના સ્થળે જો પર્યાપ્ત પાણી તથા યોગ્ય જાળવણીની વ્યવસ્થા ઉપલબ્ધ હોય, તો સફાઈ અભિયાનની સાથે વૃક્ષારોપણની પ્રવૃત્તિને પ્રાધાન્ય આપવું અને રોપેલા વૃક્ષોની યોગ્ય જાળવણી થાય તેવી વ્યવસ્થા કરવી.

(૬) આ અભિયાન માટે સ્થાનિક કક્ષાએ જિલ્લા કલેક્ટરશ્રી / મ્યુનિસિપલ કમિશનરશ્રી / જિલ્લા વિકાસ અધિકારીશ્રીનો સંપર્ક કરી જરૂરિયાત મુજબની માહિતી, માર્ગદર્શન અને સંકલન મેળવી લેવાનું રહેશે.

(૭) જનજાગૃતિ વધારવાના આશયથી આ કાર્યક્રમ સંબંધિત ઉચ્ચ ગુણવત્તાવાળા ફોટોગ્રાફ્સ અને વીડિયો સંબંધિત કચેરી/સંસ્થાના અધિકૃત સોશિયલ મીડિયા હેન્ડલ્સ તેમજ અધિકારી/કર્મચારીઓના વ્યક્તિગત સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર યોગ્ય હેશટેગ સાથે શેર કરવાના રહેશે.

(૮) હાથ ધરાયેલ કામગીરીનો અહેવાલ નિયત નમૂનામાં (પરિશિષ્ટ-૨) તૈયાર કરી ત્વરિત શિક્ષણ વિભાગને મોકલી આપવાનો રહેશે, જેથી સંકલિત અહેવાલ સામાન્ય વહીવટ વિભાગને મોકલી શકાય.

ઉક્ત સૂચનાઓનો તમામ ખાતાના વડાઓ અને તાબાની કચેરીઓએ તાત્કાલિક અસરથી ચુસ્ત અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**બિડાણ :** માહિતીનું ફોર્મેટ તથા વિભાગવાર સમયપત્રક

આપનો વિશ્વાસુ,

(જી.ટી.પંડયા - IAS)
અધિક સચિવ
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

**પ્રતિ,**

૧) કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, ગાંધીનગર.
૨) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
૩) કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૪) કમિશનરશ્રી, પી.એમ.પોષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
૫) કમિશનરશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯. ગાંધીનગર.
૬) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯. ગાંધીનગર.
૭) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર નં ૧૦-બી. ગાંધીનગર.
૮) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેક્ટર નં ૧૨, ગાંધીનગર.
૯) નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
૧૦) નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ, ડૉ.જીવરાજમહેતા ભવન, ગાંધીનગર.
૧૧) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન, નવરંગપુરા, અમદાવાદ.
૧૨) સચિવશ્રી, ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર ૨૧, ગાંધીનગર.
૧૩) નિયામકશ્રી, એન.સી.સી. હનુમાન કેમ્પ, કેન્ટોનમેન્ટ એરીયા, અમદાવાદ.
૧૪) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ, રાયખંડ ચાર રસ્તા, રાયખંડ, અમદાવાદ.
૧૫) ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, સેક્ટર-૧૨, ગાંધીનગર.

**નકલ સાદર રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, શિક્ષણ વિભાગ.
(૨) અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ.

તા.૧૭/૦૯/૨૦૨૬ થી તા. ૧૭/૧૦/૨૦૨૬ દરમિયાન રાજ્યવ્યાપી "સેવા સંકલ્પ અભિયાન" ના આયોજન અને અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: GAD/MSM/e-file/1/2026/5209/Co-ordination
સચિવાલય, ગાંધીનગર
તારીખ: e-Sign મુજબ.

**પ્રસ્તાવના:**

રાજ્ય સરકાર દ્વારા તારીખ ૧૭ સપ્ટેમ્બર થી ૧૭ ઓક્ટોબર સુધી વિશેષ "સેવા સંકલ્પ અભિયાન" ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સમયગાળા દરમિયાન રાજ્ય સરકારના તમામ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ સક્રિયપણે શ્રમદાન આપીને સ્વચ્છતા અને પર્યાવરણ જતનની ઉત્કૃષ્ટ કામગીરી કરે તે જરૂરી છે.

**પરિપત્ર:**

આ અભિયાનને સફળ બનાવવા માટે સચિવાલયના તમામ વહીવટી વિભાગો તથા તેમના તાબા હેઠળની કચેરીઓ દ્વારા નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે:

(૧) રાજ્ય સરકાર હસ્તકના તમામ વિભાગો દ્વારા આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબ તેઓ માટે નિયત કરવામાં આવેલ દિવસે આ કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.

(૨) જે વિભાગ માટે દિવસ નિયત થયેલ હોય તે દિવસે સંબંધિત વિભાગ તેમજ તે વિભાગ હસ્તકના ખાતાના વડાની કચેરીઓ અને જિલ્લા કક્ષાની કચેરીઓ ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.

(૩) દરેક વહીવટી વિભાગે આ માસિક ઝુંબેશ માટે વિસ્તૃત **Micro-planning** તૈયાર કરીને સામાન્ય વહીવટ વિભાગને મોકલી આપવાનું રહેશે. નિર્ધારિત દિવસે વિભાગના તમામ અધિકારીઓ તેમજ કર્મચારીઓએ ઉપસ્થિત રહી સ્વચ્છતા સેવામાં સક્રિય યોગદાન આપવાનું રહેશે.

(૪) અધિકારી/કર્મચારીઓના યોગ્ય જૂથ બનાવી કચેરીના આંતરિક પરિસર, કચેરીનું પ્રાંગણ, જાહેર સ્થળો, ઐતિહાસિક સ્મારકો કે આસપાસના સામાજિક/જાહેર વિસ્તારોની પસંદગી કરી સર્વગ્રાહી સફાઈ કાર્યનું આયોજન કરવાનું રહેશે.

(૫) સ્વચ્છતા અભિયાનના સ્થળે જો પર્યાપ્ત પાણી તથા યોગ્ય સુરક્ષા અને જાળવણીની વ્યવસ્થા ઉપલબ્ધ હોય, તો સફાઈ અભિયાનની સાથે વૃક્ષારોપણની પ્રવૃત્તિને પ્રાધાન્ય આપવું અને રોપેલા વૃક્ષોની યોગ્ય જાળવણી થાય તેવી વ્યવસ્થા કરવી.

(૬) આ અભિયાન માટે જિલ્લા કલેક્ટરશ્રી / મ્યુનિસિપલ કમિશનરશ્રી / જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જરૂરિયાત મુજબની માહિતી, જરૂરી માર્ગદર્શન, સંકલન તથા વ્યવસ્થા પૂરી પાડવાની રહેશે.

(૭) જનજાગૃતિ વધારવાના આશયથી આ કાર્યક્રમ સંબંધિત ઉચ્ચ ગુણવત્તાવાળા ફોટોગ્રાફ્સ અને વીડિયો સંબંધિત વિભાગના અધિકૃત સોશિયલ મીડિયા હેન્ડલ્સ તેમજ અધિકારી/કર્મચારીઓના વ્યક્તિગત સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર યોગ્ય હેશટેગ સાથે શેર કરવાના રહેશે.

(૮) હાથ ધરાયેલ કામગીરીનો સંકલિત અહેવાલ નિયત નમૂનામાં (પરિશિષ્ટ-૨) સંબંધિત વહીવટી વિભાગના સચિવશ્રી સમક્ષ રજૂ કરવાનો રહેશે. સચિવશ્રી દ્વારા સમગ્ર વિભાગનો સંયુક્ત પ્રગતિ અહેવાલ સામાન્ય વહીવટ વિભાગને અચૂક મોકલી આપવાનો રહેશે.

ઉક્ત સૂચનાઓનો તમામ વિભાગો અને સંબંધિત કચેરીઓએ તાત્કાલિક અસરથી ચુસ્ત અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બિડાણ: માહિતીનું ફોર્મેટ તથા વિભાગવાર સમયપત્રક

**e-Sign**
(અલ્કેશકુમાર ચૌધરી)
નાયબ સચિવ (સંકલન),
સામાન્ય વહીવટ વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીઓ/માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧/૨, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, બ્લોક-૧/૫, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગ (તેઓ હસ્તકના ખાતાના વડા તેમજ તાબાની કચેરીઓના ધ્યાને મુકવા અને જરૂરી અમલીકરણ સારૂ.)
- લોકાયુક્તશ્રી, લોકાયુક્તશ્રીની કચેરી, સેક્ટર-૨૧, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેક્ટર-૨૧, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- સિલેક્ટ ફાઈલ (સંકલન-શાખા)-૨૦૨૬.

Validity unknown
Signed by ... Chaudhari
Deputy Secretary
Date: 2026.09.14
11:52:13 +5:30

## પરિશિષ્ટ-૦૧

## સેવા સંકલ્પ અભિયાન વિભાગવાર કાર્યક્રમ

| અનુ. નં. | તારીખ | વિભાગ |
|---|---|---|
| 1 | ૧૮/૦૯/૨૦૨૬ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ |
| 2 | ૧૯/૦૯/૨૦૨૬ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ |
| 3 | ૨૦/૦૯/૨૦૨૬ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ |
| 4 | ૨૦/૦૯/૨૦૨૬ | માર્ગ અને મકાન વિભાગ |
| 5 | ૨૧/૦૯/૨૦૨૬ | ગૃહ વિભાગ |
| 6 | ૨૨/૦૯/૨૦૨૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ |
| 7 | ૨૩/૦૯/૨૦૨૬ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ |
| 8 | ૨૪/૦૯/૨૦૨૬ | સામાન્ય વહીવટ વિભાગ |
| 9 | ૨૪/૦૯/૨૦૨૬ | અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ |
| 10 | ૨૪/૦૯/૨૦૨૬ | ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ |
| 11 | ૨૪/૦૯/૨૦૨૬ | કાયદા વિભાગ |
| 12 | ૨૪/૦૯/૨૦૨૬ | નાણા વિભાગ |
| 13 | ૨૪/૦૯/૨૦૨૬ | માહિતી અને પ્રસારણ વિભાગ |
| 14 | ૨૪/૦૯/૨૦૨૬ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ |
| 15 | ૨૫/૦૯/૨૦૨૬ | આદિજાતી વિકાસ વિભાગ |
| 16 | ૨૫/૦૯/૨૦૨૬ | શિક્ષણ વિભાગ |
| 17 | ૨૬/૦૯/૨૦૨૬ | શ્રમ અને રોજગાર વિભાગ |
| 18 | ૦૧/૧૦/૨૦૨૬ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ |
| 19 | ૦૧/૧૦/૨૦૨૬ | વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ |
| 20 | ૦૧/૧૦/૨૦૨૬ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ |
| 21 | ૦૨/૧૦/૨૦૨૬ | મહેસૂલ વિભાગ |
| 22 | ૦૩/૧૦/૨૦૨૬ | મહિલા અને બાળ વિકાસ વિભાગ |
| 23 | ૦૪/૧૦/૨૦૨૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ |
| 24 | ૦૫/૧૦/૨૦૨૬ | ક્લાઇમેટ ચેન્જ વિભાગ |
| 25 | ૦૫/૧૦/૨૦૨૬ | વન અને પર્યાવરણ વિભાગ |
| 26 | ૦૫/૧૦/૨૦૨૬ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ |

## પરિશિષ્ટ-૦૨

"સેવા સંકલ્પ અભિયાન" અભિયાન અંતર્ગત સ્વચ્છતા સેવા યોગદાન કાર્યક્રમનું માહિતી પત્રક

**વિભાગનું નામ:**

**તારીખ:**

| ક્રમ | સ્વચ્છતા માટે પસંદ કરેલ સ્થળ | ટીમોની સંખ્યા | ટીમોમાં કર્મચારી/અધિકારીઓની કુલ સંખ્યા | ઘન કચરાનો નિકાલ (ટનમાં) | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

# કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

વહિવટ શાખા,બી-૪, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત.
ફોન નં. ૦૨૬૧-૨૬૫૫૧૫૧, ૨૬૬૦૦૨૧, ફેક્સ નં. ૨૬૫૫૭૫૭
**Email:- collector-sur@gujarat.gov.in**
**56.vahivatsurat@gmail.com**

નં.એમ.એસ.સી./સેવા સંકલ્પ અભિયાન/વશી.૨૪૯૨/૨૦૨૬ તા. ૧૮/૦૯/૨૦૨૬

<u>વંચાણે લીધુ</u> :-

1. નાયબ સચિવશ્રી(સંકલન), સામાન્ય વહિવટ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: GAD/MSM/e-file/1/2026/5209/Co-ordination, તા.૧૪/૦૯/૨૦૨૬
2. નાયબ સચિવશ્રી(સંકલન), સામાન્ય વહિવટ વિભાગ, ગાંધીનગરના સુધારા પરિપત્ર ક્રમાંક: GAD/MSM/e-file/1/2026/5209/Co-ordination, તા.૧૭/૦૯/૨૦૨૬

**<u>હુકમ</u> :-**

રાજ્ય સરકાર દ્વારા તારીખ ૧૭ સપ્ટેમ્બર થી ૧૭ ઓક્ટોબર સુધી વિશેષ "સેવા સંકલ્પ અભિયાન" ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ સમય ગાળા દરમ્યાન તમામ વિભાગોના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ સક્રિયપણે શ્રમ દાન આપીને સ્વચ્છતા અને પર્યાવરણ જતનની ઉત્કૃષ્ટ કામગીરી કરે તે જરૂરી છે.

ઉપરોક્ત અભિયાન અંતર્ગત અત્રેના જિલ્લાના તમામ વહીવટી વિભાગો તથા તેમના તાબા હેઠળની કચેરીઓ દ્વારા કચેરીમાં જુના (બિન ઉપયોગી) ફર્નિચરનો નિકાલ કરવું, જુના વાહનો કન્ડમ કરીને નિકાલ કરવું, કચેરીમાં આવેલ ટોયલેટ સાફ સફાય તથા જરૂરીયાત મુજબ મરામત, કચેરીના પ્રિમાઈસીસમાં સફાઈ તથા બિન ઉપયોગી ઉપકરણોનો નિકાલ તેમજ રેકર્ડ વર્ગીકરણ કરી નિયમોનુસાર નિકાલ કરવો. આ મુજબની તમામ કામગીરીનો સમાવેશ કરવાનો રહેશે.

આ અભિયાનને સફળ બનાવવા માટે જિલ્લાના તમામ વહીવટી વિભાગો દ્વારા આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ આયોજન કરી નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે:

1. જે વિભાગ માટે દિવસ નિયત થયેલ હોય તે દિવસે સંબંધિત વિભાગ તેમજ તે વિભાગ હસ્તકના ખાતાના વડાની કચેરીઓ અને જિલ્લા કક્ષાની કચેરીઓ ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.
2. ઉક્ત પરિપત્રમાં વિવિધ વિભાગોને સિડ્યુલ પ્રમાણે દિવસો ફાળવવામાં આવેલ છે. આથી સદર બાબતે સફાઈ અર્થે Stretch નક્કી કરવામાં આવેલ હોય સંબંધિત વિભાગો એ નિર્ધારિત દિવસે વિભાગના તમામ અધિકારીઓ તેમજ કર્મચારીઓએ ઉપસ્થિત રહી સ્વચ્છતા સેવામાં સક્રિય યોગદાન આપવાનું રહેશે.
3. જનજાગૃતિ વધારવાના આશયથી આ કાર્યક્રમ સંબંધિત ઉચ્ચ ગુણવત્તાવાળા Before & After Geotagged ફોટોગ્રાફ્સ અને વીડિયો સંબંધિત વિભાગના અધિકૃત સોશિયલ મીડિયા હેન્ડલ્સ તેમજ અધિકારી/કર્મચારીઓના વ્યક્તિગત સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર યોગ્ય હેશટેગ સાથે શેર કરવાના રહેશે.
4. હાથ ધરાયેલ કામગીરીનો સંકલિત અહેવાલ આ સાથે સામેલ નમૂનામાં સંબંધિત વિભાગની કચેરીના વડા તથા નાયબ તબીબી અધિકારીશ્રી સુરત મહાનગરપાલિકાની સંયુક્ત સહીથી અત્રે રજુ કરવાનો રહેશે.

વધુમાં જણાવવાનું કે, ગ્રામ્ય વિસ્તાર તથા નગરપાલિકા વિસ્તાર માટે આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબનું આયોજન કરી ચીફ ઓફીસરશ્રી તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીની ટીમ દ્વારા સ્વચ્છતા અંગેની કામગીરી કરવાની રહેશે. જે અંતર્ગત ગ્રામ્ય વિસ્તાર માટે શ્રી એમ.બી.પ્રજાપતિ, નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજાન્સી તથા નગરપાલિકા વિસ્તાર માટે શ્રી કેતન વાનાણી, ચીફ ઓફીસરશ્રી, હેડ ક્વાટર, પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓની કચેરીના સુપરવિઝન હેઠળ કામગીરી કરવાની રહેશે.

Parmar
**કલેક્ટર સુરત**

**નકલ સવિનય રવાના :-**

1. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા
2. પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેર.

નકલ જયભારત સહ રવાના :-

1. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિ.સુરત.
2. પોલીસ અધિક્ષકશ્રી સુરત ગ્રામ્ય
3. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, DGVCL, સુરત.
4. પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ તમામ, જિ.સુરત.
5. મુખ્ય કારોબારી અધિકારીશ્રી સુડા, જિ.સુરત.
6. નાયબ વન સંરક્ષકશ્રી, સુરત.
7. નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જિ.સુરત.

| ક્રમ | તારીખ | કચેરી | કચેરીનું સરનામું | લોકેશન | નાયબ આરોગ્ય અધિકારીશ્રીનું નામ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૮/૦૯/૨૦૨૬ | સુરત મહાનગરપાલિકા | તાપીપુરા | | | |
| | | સુડા ભવન | વેસુ | | | |
| ૨ | ૧૯/૦૯/૨૦૨૬ | જિલ્લા પંચાયત કચેરી | વેસુ | ઉમરા હેલ્થ સેન્ટર થી ભાલ તિલક સર્કલ | ડૉ. કેતન ગરાસીયા | 9099007894 |
| ૩ | ૨૦/૦૯/૨૦૨૬ | કાર્યપાલક ઈજનેરશ્રી પાણી પુરવઠા | જલભવન અડાજણ | મહા દેવ નગર અડાજણ ગામ | ડૉ. રીકીતા પટેલ | 9825852779 |
| | | કાર્યપાલક ઈજનેરશ્રી વાસ્મો | જલભવન અડાજણ | મહા દેવ નગર અડાજણ ગામ | ડૉ. રીકીતા પટેલ | 9825852779 |
| | | કાર્યપાલક ઈજનેરશ્રી નહેર વિભાગ | અઠવાલાઈન્સ | વેસુ શાક માર્કેટ | ડૉ. કેતન ગરાસીયા | 9099007894 |
| ૪ | ૨૧/૦૯/૨૦૨૬ | પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરની કચેરી | અઠવાલાઈન્સ | શિવાજી ગાર્ડન થી વિદ્યા વિહાર થઈ ઉમરાવનગર | ડૉ. કેતન ગરાસીયા | 9099007894 |
| | | પોલીસ અધિક્ષકશ્રી સુરત ગ્રામ્યની કચેરી | અઠવાલાઈન્સ | શિવાજી ગાર્ડન થી ગોકાણી રોડ થઈ B S N L | ડૉ. કેતન ગરાસીયા | 9099007894 |
| ૫ | ૨૨/૦૯/૨૦૨૬ | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની કચેરી | વેસુ | તથાગત આવાસ વેસુ | ડૉ. કેતન ગરાસીયા | 9099007894 |
| | | નાયબ મુખ્ય તબીબી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા | તાપીપુરા | જનતા માર્કેટ વિસ્તાર | ડૉ. અમિત પટેલ | 9879044224 |
| ૬ | ૨૩/૦૯/૨૦૨૬ | નાયબ નિયામકશ્રી ખેતીની કચેરી | વેસુ | આંબેડકર સર્કલ થી સોહમ સર્કલ | ડૉ. કેતન ગરાસીયા | 9099007894 |
| | | મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી ની કચેરી | નાનપુરા | દિલ્હી ગેટ થી લાલ દરવાજા | ડૉ. અમિત પટેલ | 9879044224 |
| | | ડિસ્ટ્રીક્ટ રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળી, જિ.સુરત | અઠવાલાઈન્સ | ભટાર વોર્ડ ઓફિસ ટેનામેન્ટ માર્કેટ તથા સુયોગ નગર રોડ | ડૉ. કેતન ગરાસીયા | 9099007894 |
| ૭ | ૨૪/૦૯/૨૦૨૬ | અન્ન અને નાગરીક પુરવઠાની કચેરી | અઠવાલાઈન્સ | ડંકા ઓવારા થી અગાસી માતાના મંદિર સુધી | ડૉ. કેતન ગરાસીયા | 9099007894 |
| | | DGVCL ની કચેરી | કાપોદ્રા વરાછા | ભક્તેશ્વર મંદિર થી કાંગારૂ સર્કલ | ડૉ. મહેન્દ્ર પટેલ | 9724345474 |
| | | કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ-૧ની કચેરી | ડચ ગાર્ડન નાનપુરા | અઠવાગેટ થી બહુમાળી રોડ, ડચ ગાર્ડન મક્કાઈપુલ સુધી | ડૉ. અમિત પટેલ | 9879044224 |
| | | કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ-૨ની કચેરી | ડચ ગાર્ડન નાનપુરા | અઠવાગેટ થી બહુમાળી રોડ, ડચ ગાર્ડન મક્કાઈપુલ સુધી | ડૉ. અમિત પટેલ | 9879044224 |
| | | કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન (પંચાયત) ની કચેરી | વેસુ | ડંકા ઓવારા થી અગાસી માતાના મંદિર સુધી | ડૉ. કેતન ગરાસીયા | 9099007894 |
| | | કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન (ઇલેક્ટ્રીકલ)ની કચેરી | ડચ ગાર્ડન નાનપુરા | અઠવાગેટ થી બહુમાળી રોડ, ડચ ગાર્ડન મક્કાઈપુલ સુધી | ડૉ. અમિત પટેલ | 9879044224 |
| | | ડેપ્યુટી કમિશ્નર GST ની કચેરી | નાનપુરા | ડક્કા ઓવારા, નાનપુરા | ડૉ. અમિત પટેલ | 9879044224 |
| | | નાયબ નિયામકશ્રી માહિતીની કચેરી | નાનપુરા | ડક્કા ઓવારા, નાનપુરા | ડૉ. અમિત પટેલ | 9879044224 |
| | | જિલ્લા તિજોરી અધિકારીશ્રીની કચેરી | અઠવાલાઈન્સ | ડંકા ઓવારા થી અગાસી માતાના મંદિર સુધી | ડૉ. કેતન ગરાસીયા | 9099007894 |
| | | જિલ્લા આયોજન અધિકારીશ્રી, જિ.સુરત | નાનપુરા | ડક્કા ઓવારા, નાનપુરા | ડૉ. અમિત પટેલ | 9879044224 |
| ૮ | ૨૫/૦૯/૨૦૨૬ | નાયબ નિયામકશ્રી આદિજાતિ કલ્યાણની કચેરી | નાનપુરા | કાંસકીવાડ થી ગલેમંડી રોડ | ડૉ. અમિત પટેલ | 9879044224 |
| | | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી | અઠવાલાઈન્સ | વેસુ હેલ્થ સેન્ટર | ડૉ. કેતન ગરાસીયા | 9099007894 |
| | | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી | વેસુ | વેસુ હેલ્થ સેન્ટર | ડૉ. કેતન ગરાસીયા | 9099007894 |
| | | શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત | જુના બસ સ્ટેન્ડની સામે, કાંસકીવાડ | કાંસકીવાડ થી ગલેમંડી રોડ | ડૉ. અમિત પટેલ | 9879044224 |
| ૯ | ૨૬/૦૯/૨૦૨૬ | નાયબ શ્રમઆયુક્તની કચેરી | નાનપુરા | ચોક થી રાજમાર્ગ પાણીની ભીત રોડ | ડૉ. અમિત પટેલ | 9879044224 |
| | | નાયબ નિયામકશ્રી રોજગારની કચેરી | નાનપુરા | ચોક થી રાજમાર્ગ પાણીની ભીત રોડ | ડૉ. અમિત પટેલ | 9879044224 |

| ક્રમ | તારીખ | કચેરી | કચેરીનું સરનામું | લોકેશન | નાયબ આરોગ્ય અધિકારીશ્રીનું નામ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|---|
| | | પ્રિન્સીપાલશ્રી ITI ની કચેરી | મજુરા ગેટ | હોમિયોપેથીક કોલેજ થી આનંદ, મંગલ, સુમગલ સર્વોદય નગર સોસાયટી, | ડૉ. કેતન ગરાસીયા | 9099007894 |
| ૧૦ | ૦૧/૧૦/૨૦૨૬ | જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની કચેરી | નાનપુરા | નવસારી બજાર થી સુભાષ ચોક થઈ ભાગ તળાવ રોડ | ડૉ. અમિત પટેલ | 9879044224 |
| | | જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીની કચેરી | નાનપુરા | નવસારી બજાર થી સુભાષ ચોક થઈ ભાગ તળાવ રોડ | ડૉ. અમિત પટેલ | 9879044224 |
| | | જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી ની કચેરી | નાનપુરા | નવસારી બજાર થી સુભાષ ચોક થઈ ભાગ તળાવ રોડ | ડૉ. અમિત પટેલ | 9879044224 |
| | | જિલ્લા યુવા અધિકારીશ્રી ની કચેરી | રેશમ ભવન લાલદરવાજા | સિગ્મા સ્કુલ રોડ ક્ષેત્રપાળ હેલ્થ સેન્ટર રોડ | ડૉ. અમિત પટેલ | 9879044224 |
| | | નાયબ નિયામક વિકસતી જાતિ કલ્યાણ ની કચેરી | નાનપુરા | સિગ્મા સ્કુલ રોડ ક્ષેત્રપાળ હેલ્થ સેન્ટર રોડ | ડૉ. અમિત પટેલ | 9879044224 |
| | | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી ની કચેરી | અઠવાલાઈન્સ | અનુવ્રત દ્વાર થી શ્યામ મંદિર | ડૉ. કેતન ગરાસીયા | 9099007894 |
| ૧૧ | ૦૨/૧૦/૨૦૨૬ | કલેક્ટર કચેરી તથા સંલગ્ન તમામ કચેરી | અઠવાલાઈન્સ | મહાત્મા ગાંધીજીની પ્રતિમા ભીમરાડ ગામ | ડૉ. કેતન ગરાસીયા | 9099007894 |
| | | નાયબ નિયામકશ્રી જમીના દફતરની કચેરી | નાનપુરા | ચોક ચાર રસ્તા ગાંધીજી સ્ટેચ્યુ થી મક્કાઈ પુલ સર્કલ સુધી | ડૉ. અમિત પટેલ | 9879044224 |
| | | નાયબ કલેક્ટરશ્રી સ્ટેમ્પ ડ્યુટીની કચેરી | અઠવાલાઈન્સ | મહાત્મા ગાંધીજીની પ્રતિમા ભીમરાડ ગામ | ડૉ. કેતન ગરાસીયા | 9099007894 |
| ૧૨ | ૦૩/૧૦/૨૦૨૬ | મહિલા અને બાળ વિકાસ અધિકારીશ્રી ની કચેરી | અઠવાલાઈન્સ | અલથાણ ચોકડી – V I P રોડ થી ભીમરાડ પોલિસ ચોકી | ડૉ. કેતન ગરાસીયા | 9099007894 |
| | | પ્રોગ્રામ ઓફીસરશ્રી ICDS ની કચેરી સુરત ગ્રામ્ય | વેસુ | સેન્ટોસા હાઈટસ થી શ્યામ મંદિર | ડૉ. કેતન ગરાસીયા | 9099007894 |
| | | પ્રોગ્રામ ઓફીસરશ્રી ICDS ની કચેરી સુરત શહેર | લાલ ગેટ પોલીસ ચોકી | ચોક ચાર રસ્તા થી રાજમાર્ગ | ડૉ. અમિત પટેલ | 9879044224 |
| ૧૩ | ૦૪/૧૦/૨૦૨૬ | સંયુક્ત નિયામકશ્રી ઔદ્યોગિક સલામતિ અને સ્વાસ્થય, સુરત | અઠવાલાઈન્સ | અંબિકા નિકેતન ઓવારો | ડૉ. કેતન ગરાસીયા | 9099007894 |
| | | જનરલ મેનેજરશ્રી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ની કચેરી | નાનપુરા | ડક્કા ઓવારો | ડૉ. અમિત પટેલ | 9879044224 |
| | | ડીવીઝનલ મેનેજરશ્રી GIDC ની કચેરી | હજીરા | કવી કલાપી વોટર બોડી | ડૉ. રીકીતા પટેલ | 9825852779 |
| | | ભુસ્તરશાસ્ત્રીશ્રી ની કચેરી | અઠવાલાઈન્સ | અંબિકા નિકેતન ઓવારો | ડૉ. કેતન ગરાસીયા | 9099007894 |
| ૧૪ | ૦૫/૧૦/૨૦૨૬ | રીજિઓનલ મેનેજરશ્રી GPCB ની કચેરી | પડિસરા | ટેસ્ટી ખમણ થી આશારામ સર્કલ | ડૉ. કિંજલ પટેલ | 9099007971 |
| | | નાયબ વન સરંક્ષકશ્રી ની કચેરી | અડાજણ | મશાલ સર્કલ થી પાલનપુર જકાતનાકા રોડ | ડૉ. રીકીતા પટેલ | 9825852779 |
| | | પ્રાદેશિક કમિશ્નરશ્રી વાહન વ્યવહાર ની કચેરી | પાલ–હજીરા | પાલનપુર જકાતનાકા સર્કલ થી ઝગડીયા ચોકડી રોડ | ડૉ. રીકીતા પટેલ | 9825852779 |
| | | વિભાગીય નિયામકશ્રી GSRTC ની કચેરી | અડાજણ બસ સ્ટેન્ડ | ગણેશ મંદિર થી મશાલ સર્કલ થઈ કસ્તુરબા સોસા રોડ | ડૉ. રીકીતા પટેલ | 9825852779 |

# <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, અત્રેની .................................................. કચેરીના સંકુલમાં આવેલા તમામ શૌચાલયો (Toilets) સુવ્યવસ્થિત અને ચાલુ હાલતમાં છે તથા તેનો દૈનિક ધોરણે નિયમિત વપરાશ થઈ રહ્યો છે. આ તમામ શૌચાલયોમાં પાણીની પૂરતી સુવિધા ઉપલબ્ધ છે. તથા કચેરીના શૌચાલય અને વોશ–બેસીનમાં લગાવવામાં આવેલ તમામ નળ સંપૂર્ણપણે ચાલુ હાલતમાં છે. તથા ...................નળનું રીપેરીંગ/રેટ્રોફીટીંગ કરી કાર્યરત કરવામાં આવેલ છે. વધુમાં પ્રમાણિત કરવામાં આવે છે કે, કચેરી ખાતે આવતા દિવ્યાંગ નાગરિકો/અરજદારોની સગવડતા માટે કચેરી સંકુલમાં દિવ્યાંગો માટેનું શૌચાલય હાલ સંપૂર્ણપણે કાર્યરત અને ઉપયોગમાં લેવા યોગ્ય સ્થિતિમાં છે. આ પ્રમાણપત્ર રૂબરૂ ચકાસણી અને વર્તમાન સ્થિતિના આધારે આપવામાં આવે છે.

નોંધ :– જે કચેરીમાં દિવ્યાંગો માટેનું શૌચાલય હોય તેઓએજ પ્રમાણપત્રમાં તે મુજબની સ્પષ્ટતા કરવાની રહેશે.

અધિકારીશ્રીનો હોદ્દો

સ્થળ :-
તારીખ :–

## સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત સ્વચ્છતા કાર્યક્રમ નું માહિતી પત્રક

**કચેરી નું નામ:**
**અભિયાન હેઠળ કરેલ કામગીરી:**
**તારીખ:**

| ક્રમ નં. | કચેરી નું નામ | સ્વચ્છતા માટે પસંદ કરેલ સ્થળ | ટીમ ની સંખ્યા | ટીમો માં અધિકારીશ્રી/ કર્મચારી ઓની કુલ સંખ્યા | હાજર પદાધિકારીઓ ની સંખ્યા | જના ભાગીદારી ની સંખ્યા | ઘન કચરા નો નિકાલ (ટન માં) | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| | | | | | | | | |